## ૧૭ દિવસ પછી પણ સી.સી.ટીવી કેમેરામાં કેદ થયેલા તસ્કરો મળતા નથી

### ડેમાઈમાં ઝવેરીના ત્યાં રુ ૪૭ લાખની તસ્કરીની તપાસમાં ફીફાં ખાંડતી બાહોશ પોલીસ




બાયડ તાલુકાના ડેમાઈ ગામના ઝવેરીના ત્યાં સે ૪૭ લાખનાં સોના-ચાંદીના ઘરેણાં અને રોકડ રકમની તસ્કરીનો બનાવ બન્યાના ૧૭ દિવસ પછી પણ બાયડ અને જિલ્લા પોલીસ તપાસમાં ફીફાં ખાંડતી જોવા મળી રહી છે. તસ્કર ગંગ સી.સી.ટીવી કેમેરામાં કેદ થઈ હોવા છતાં પોલીસ તાલીમબદ્ધ તસ્કરોને શોધવામાં નિષ્ફળ રહેતાં પ્રજામાં આક્રોશ જોવા મળી રહ્યો છે. પ્રાપ્ત જાણકારી અનુસાર બાયડ તાલુકામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળતાં તસ્કરો તેનો ભરપૂર લાભ લઈ રહ્યા છે. ગત તા.૨૫ માર્ચના રોજ ડેમાઈ પોલીસ ચોકીથી માત્ર ૧૦ ડગલાં દૂર આવેલા ચામુંડા જ્વેલર્સમાં રાત્રે ત્રાટકેલા તસ્કરોએ સોના-ચાંદીના ઘરેણાં સહિત રૂ ૪૭ લાખની મત્તા ઉસેડી પોટલાં બાંધી પલાયન થઈ જતા સી.સી.ટીવી કેમેરામાં કેદ થયા હતા. તસ્કરીનો બનાવ બનતાં બાયડની બાહોશ પોલીસે પોતાની મરજી મુજબ તપાસ શરુ કરી ત્યાં સુધીમાં તસ્કરો દૂર દૂર સુધી ભાગી જવામાં સફળ રહ્યા. બાયડ તાલુકાના ઈતિહાસની સૌથી મોટી તસ્કરી હોવાથી એલ.સી.બી. સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓ તપાસમાં જોડાયા. જ્યારે રીઢા ગુનેગારોની મોડસ ઓપરેન્ડીનો ઈતિહાસ ચકાસ્યો છે પરંતુ તસ્કરીના ૧૭ દિવસ પછી પણ કેમેરામાં કેદ થયેલા તસ્કરોના સઘળ મેળવવામાં જિલ્લા પોલીસ સરીઆમ નિષ્ફળ જતાં પોલીસ શું તેની આગવી ટચ ગુમાવી રહી છે..?? ગુનેગારો શોધવાની કાબેલિયત રહી નથી. ?? તેવા ચોટદાર સવાલ થઈ રહ્યા છે. આ અગાઉ પણ બાયડમાં ધોળેદાડે રુ ૬૨ લાખની લૂંટ તેમજ એ.ટી.એમ.માંથી રુ ૬૨ લાખથી વધુની કિંમતની રોકડ રકમ ઉસેડી જવાના બનાવ નોંધાયા પછી એ.ટી.એમ.માંથી તસ્કરી કરનારી આંતરરાજ્ય ગેંગને ઝડપ્યા પછી મુદામાલ પોલીસને હાથ લાગ્યો નથી. ત્યારે રુ ૪૭ લાખની ઝવેરીના ત્યાંથી થયેલી તસ્કરીના ગુનાનો ભેદ ઉકેલવામાં સ્થાનિક અને જિલ્લા પોલીસનો પનો ટૂંકો પડવા પાછળ કોઈ કારણ તો નથી ને..?? તેવી આશંકા સ્વાભાવિક છે. કારણ કે અરવલ્લીમાં પોલીસ ખુદ દારૂનો વેપલો કરતી હોય, પોલીસે પકડેલા વિદેશી દારુની ચોરીમાં પોલીસ સંડોવાયેલી હોય ત્યારે પ્રજાની આશંકા પણ સ્વાભાવિક છે

## પાલનપુરના મલાણાના તળાવમાં પાણી ભરવા પુનઃજન આંદોલન યોજાશે


### આજથી પાલનપુર ખાતે ખેડૂત રેલીમાં મોટી સંખ્યામાં મહિલાઓ જોડાશે : ભુતેડી ખાતે મળેલી બેઠકમાં પાણીની માંગ નહિ સંતોષાય તો ચૂંટણી બહિષ્કારનો નિર્ણય કરાયો



પાલનપુર તાલુકાના મલાણા પંથકમાં પીવાના તેમજ સિંચાઈના પાણીની સમસ્યાનો ઉકેલ લાવવા મલાણાના તળાવમાં નર્મદાનું પાણી ભરવાની વર્ષો જૂની માંગે છેલ્લા બે મહિનાથી આંદોલનનું સ્વરૂપ ધારણ કર્યું છે જેમાં અગાઉ અનેક રજૂઆતો અને ખેડૂત રેલીઓ યોજવા છતાં માંગ સંતોષવામાં નહિ આવતા ફરી એક વાર પાલનપુર ખાતે મહિલાએ સાથે ખેડૂત આંદોલન કરવાની રણનીતિ ઘડવામાં આવી છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,પાલનપુર તાલુકાના મલાણા ગામના તળાવમાં પાણી ભરવામાં આવે તો આ પંથકમાં ભૂગર્ભ જળ સ્તર ઉંચા આવવા થી સિંચાઈ અને પીવાના પાણીની સમસ્યા નો ઉકેલ આવી શકે તેમ હોઈ આ પંથક ના પચાસ ગામના ખેડૂતો દ્રારા મલાણા તળાવ માં નર્મદાનું પાણી ભરવા સરકારમાં અને તંત્રમાં અનેક વાર અસરકારક રજૂઆતો કરવાસમાં આવી છે તેમ છતાં કોઈ નિર્ણય લેવામાં લેવામાં ન આવતા થોડા સમય અગાઉ મલાણા પથકના ખેડૂતો દ્રારા મલાણા થી પાલનપુર સુધી ટેક્ટર રેલી અને પાલનપુર પાંચ કિલોમીટર સીધું પગપાળા રેલી યોજી કલેક્ટર ને આવેદનપત્ર પાઠવી પંદર દિવસમાં સમસ્યા નું નિરાકરણ લાવવા અંલ્ટીમેટમ અપાયું હતું અને મહિલા ઓ સાથે રેલી યોજવાની ચીમકી અપાઈ હતી તે વાત ને એક માસ નો સમય વીતવા છતાં કોઈ પરિણામ ન મલતા અગાની આંદોલનની રણનીતિ ઘડવા ભુતેડી ગામે વિસ ગામના ખેડૂતો ની બેઠક મળી હતી જેમાં આગામી તા.૧૩ એપ્રિલના રોજ પાલનપુર ખાતે પાંચ હજાર મહિલા ઓની રેલી યોજવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો તેમ છતાં માંગ નહિ સંતોષાય તો આગામી વિધાનસભાની ચૂંટણીનો સામુહિક બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારવા મા આવી છે.

## CNG રીક્ષામાં દારૂની હેરાફેરી : શામળાજી પોલીસે ફિલ્મી ઢબે રીક્ષાનો પીછો કરતા નદીમાં રીક્ષા થોભી, રિક્ષામાંથી ૪૩૨ બોટલ-બિયર ઝડપ્યા

ગાંધીના ગુજરાતમાં વિદેશી દારૂની મોટા પ્રમાણમાં ખપત રહે છે દારૂબંધીનો ફાયદો ઉઠાવી બુટલેગરો એનકેન પ્રકારે દારૂ ઠાલવી ત્રણ થી ચાર ગણા રૂપિયા દારૂના રસિયાઓ પાસેથી ઉલેચી રહ્યા છે જોકે પોલીસ પણ ચોક્કસ માહિતીને આધારે દારૂની થતી હેરાફેરી




...ષ્ફળ બનાવે છે. શામળાજી પોલીસે ...નપુર ચેકપોસ્ટ પર ચેકીંગ હાથધરતાં ...જસ્થાન તરફથી રિક્ષામાં દારૂ ભરી ...ાર થતા બુટલેગરને અટકવાવાનો ...ત્ન કરતા બુટલેગરે રોંગ સાઈડ રીક્ષા ...ડાવી મૂકી અણસોલ નદીમાં મુકી ...ાર થઈ જતા પોલીસે રિક્ષામાંથી ૪૨ ...જારથી વધુનો દારૂ ઝડપી ...યદેસરની કાર્યવાહી હાથધરી હતી. ...મળાજી પીએસઆઈ ભરત ચૌહાણ અને તેમની ટીમે અણસોલ ગામ નજીક રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથધરતાં રાજસ્થાનથી અણસોલનો બુટલેગર મનોજ ઉર્ફે સાહીલ ઉર્ફે ગુણો રણછોડ નિનામા રિક્ષામાં દારૂ ભરી આવતા પોલીસે અટકાવવા પ્રયત્ન કરતા રીક્ષા ચાલકે રીક્ષા રોંગ સાઈડ દોડાવી મુકતા પોલીસે પીછો કરતા બુટલેગર રીક્ષા અણસોલ ગામની નદીમાં ઉતારી દઈ ફરાર થઈ જતા પોલીસે રિક્ષામાંથી ૪૩૨ બોટલ વિદેશી દારૂ અને બિયર ટીનનો જથ્થો જપ્ત કર્યો હતો શામળાજી પોલીસે ૪૨ હજારથી વધુનો દારૂ અને રીક્ષા મળી રૂ.૯૨૪૮૦/- નો મુદ્દામાલ જપ્ત કરી અણસોલના બુટલેગર સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

### શહેરની શાંતિ ડહોળવાનો પ્રયાસ, પોલીસ વડા સહિત ૬ કર્મીઓને ઈજા

# હિંમતનગરમાં રામનવમીની યાત્રા પર પથ્થરમારાની ઘટના

# કલંક સમાન : સમગ્ર શહેર પોલીસ છાવણીમાં ફેરવાયું

### ટોળા સામે ફરિયાદ, પૂર્વ નિયોજીત કાવતરુ, ૩૦ની અટકાયત-રેન્જ આઈ.જી. રેપિડ એક્શન ફોર્સનું શહેરમાં પેટ્રોલીંગ




બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨

રામનવમીના દિવસે હિંમતનગરના છાપરીયા વિસ્તારમાં નિકળેલી શોભાયાત્રા ઉપર પથ્થરમારો, આગચંપીના બનાવમાં પોલીસ વડા ઉપરાંત પી.એસ.આઈ. સહિત ૬ પોલીસ કર્મચારીઓ સહિત ૧૦ લોકોને ઈજા પહોંચતાં શહેરની શાંતિ જોખમાઈ છે. સોમવારે સાંજે રેન્જ આઈ.જી એ પ્રેસ કોન્ફરન્સ યોજી કલંક સમાન ઘટના ગણાવી હતી તેમજ તેમની નજરમાં આવેલા અસામાજીક તત્વોએ કાયદાનો સામનો કરવો પડશે તેમ કડક શબ્દોમાં જણાવ્યું હતું. પોલીસ દ્વારા શહેરની શાંતિ ડહોળનારા ૩૯ લોકો સહિત ૭૦૦ જણના ટોળા સામે ગુનો નોંધવામાં આવ્યો છે તે પૈકી ૩૦ તોફાનીઓની અટકાયત કર્યાનું જણાવ્યું હતું. શહેરની તંગદિલી પરિસ્થિતિને ધ્યાને રાખી રેપિડ એક્શન ફોર્સને શહેરમાં ઉતારવામાં આવી છે અને કેટલાક વિસ્તારોમાં ફૂટ પેટ્રોલીંગ કરવામાં આવ્યું હતું.



પ્રાપ્ત જાણકારી અનુસાર તા.૧૦ એપ્રિલે રામનવમીના દિવસે હિંમતનગર શહેરના છાપરીયા વિસ્તારમાંથી શોભાયાત્રા નિકળી તે સમયે ચોક્કસ જૂથના અસામાજીક તત્વોએ પથ્થરમારો કરતાં પોલીસે ૧૫૦ થી વધુ ટીયરગેસના સેલ છોડી તોફાની ઉપર કાબુ મેળવવાના પ્રયાસ કર્યા હતા પરંતુ ભારે પથ્થરમારા અને આગચંપીના બનાવમાં પોલીસ વડા વિશાલ વાઘેલા, એલ.સી.બી. પી.એસ.આઈ., એસ.જે.ચાવડા સહિત ૬ પોલીસ કર્મી ઘાયલ થયા હતા અને અન્ય લોકો પણ ઈજાગ્રસ્ત થયા હતા. સ્થિતિ વધુ વણસતાં ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો હિંમતનગરમાં બનાવ સ્થળે દોડી આવ્યો હતો. ત્યારબાદ તોફાનીઓ ઉપર સંપૂર્ણ અંકુશ મેળવ્યા પછી પ્રારંભિક તપાસમાં તોફાની તત્વોએ આયોજનપૂર્વક પથ્થરમારો કરી ખાનગી તેમજ પોલીસનાં વાહનોને નુકસાન પહોંચાડ્યાનું બહાર આવ્યું છે. બનાવની ગંભીરતા જોઈ રેન્જ આઈ.જી. અભય ચુડાસમા હિંમતનગર દોડી આવ્યા હતા ત્યારબાદ બીજા દિવસે પ્રેસ કોન્ફરન્સ યોજી પથ્થરમારાના બનાવ સંદર્ભે પૂર્વ નિયોજીત કાવતરાની આશંકા વ્યક્ત કરી છે તેમજ શહેરમાં ફરીથી શાંતિ ન ડહોળાય તે માટે ૧૦૦૦ જેટલા પોલીસ કર્મીઓને સંવેદનશીલ વિસ્તારોમાં તૈનાત કરવાની સાથે ૩૦ જેટલા તોફાનીઓની અટક કરવામાં આવી હોવાનું જણાવ્યું હતું. જ્યારે હિંમતનગરમાં એક્તા સમિતિની યોજાયેલી બેઠકમાં તેઓએ શોભાયાત્રામાં બનેલી અપ્રિય ઘટના અંગે હિન્દુ-મુસ્લિમ આગેવાનો સાથે બેઠક યોજી હતી જેમાં હિંમતનગર શાંતિપ્રિય શહેર છે તેનાં ભૂતકાળનાં આવો કોઈ રેકોર્ડ નથી પરંતુ ઘટના કલંક સમાન છે જેથી અસામાજીક તત્વો સામે પોલીસ સખ્તાઈપૂર્વક કામગીરી કરશે તેમ જણાવ્યું હતું. વેપારી વર્ગની થયેલા નુકસાન અંગે યોગ્ય વળતર મળે તે બાબતે પંચનામું કરીને સરકારને રિપોર્ટ કરવામાં આવશે તેમ પણ જણાવ્યું હતું. શોભાયાત્રામાં હુમલાની ઘટનામાં પોલીસે ૭૦૦ થી વધુ લોકોના ટોળા સામે હિંમતનગર એ. અને બી. ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

**ગંભીર સાજીશ - ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઉંઘતા રહ્યા.**

હિંમતનગરના છાપરીયા વિસ્તારમાં રામનવમીની શોભાયાત્રા ઉપર પથ્થર મારો ત્યારબાદ તોફાનીઓએ કરેલા ભારે પથ્થરમારામાં પોલીસ અધિકારીઓ સહિત અનેક લોકો ઘાયલ થયા હતા અને સરકારી વાહન ઉપરાંત ખાનગી વાહનોમાં આગ લગાવી નુકસાન પહોંચાડયું હતું. ગંભીર સાજીશ અગાઉથી જ ગોઠવવામાં આવી હોવા છતાં ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઉંઘતા ઝડપાયા જેવી સ્થિતિ સામે આવી છે.

**કયા આરોપીઓ સામે ફરિયાદ..**

અહેમદહૂસેન ગ્યાસુદીન સૈયદ(રહે.સેની ચોક)
શાહરુખ અજીમીયા પઠાણ(રહે.હાજીપુરા)
જૂનેદ(રહે.ચાંદનગર)
શાહરુખ(ન્યાય મંદિર, નવાવાડા)
અસ્પોકખાન ઉર્ફે રાજુ મેન્ટલ
અલ્તાફ ઉર્ફ તવી કાલીમીયા શેખ
રોક ઉર્ફ મોહસીનખાન રહેમતખાન મકરાણી
આરીફ શકમીયા શેખ ફિરોજખાન અબ્બાસખાન પઠાણ(એક્તા પાન)
સિકંદર ફકીરમહંમદ શેખ
કાલું મામા ઉર્ફે કલુમીયા
જાવેદ બલોચ(વિરાવાડાવાળો)
સંજરી (દુગ્ધાલયવાળા બંને ભાઈઓ)
સોતમીયા ભીખમીયા મલેક
સમીરભાઈ સમસુદીનભાઈ સિપાઈ
મહેબૂબશા ફારુકશા ફકીર
સલીમશા ફકીરશા ફકીર
નાસીહસેન બસીમીયાં શેખ
ફીરોજખાન મહંમદખાન પઠાણ
શકમીયા
ટાઈગર
મુજફર
એકરમ પાસાં
ઈમરોજ(દૂધની દુકાનના માલિક)
રાજા બિહારી
મોહસીન ઝાલોરી
અસ્લામ બોરીયો
સિકંદર શખ(પાણપુર)
અજનાન સમીર (છકણીવાળો)
અબ્દુલા શેખ
કનકસિંહ હાલુસિંહ ઝાલા(રહે.બી-૧૨, બંસીધર ટેનામેન્ટ)
રાજુભાઈ વાસુભાઈ માલવિયા(રહે.૩, શિવનગર સોસાયટી)
રાજ સુરેશભાઈ કનોજીયા(૧૧, લક્ષ્મીનારાયણ સોસાયટી)
નિશાત ભીખાભાઈ બારોટ(રહે.૧૩૨, કર્ણાવતી સોસાયટી)
અભિશેક સુરેશકુમાર વ્યાસ(રહે.૨૦-એ, રઘુનંદન સોસાયટી)
શેખર કરસનભાઈ ભાટ(રહે.જુની સિવિલ પાસ)
મુન્નાભાઈ મુથ્થા(રહે.મહેતાપુરા, હિંમતનગર) સહિત ૭૦૦ લોકોનું ટોળું.

**કયા પોલીસ કર્મીઓને ઈજા..**

વિશાલ વાઘેલા, જિલ્લા પોલીસ વડા
એસ.જે. ચાવડા, પી.એસ.આઈ. એલ.સી.બી.
પોલીસ કોન્સ્ટબલ પ્રહર્ષકુમાર કનુભાઈ, એલ.સી.બી.-હિંમતનગર
હોમગાર્ડ જવાન રણવીરસિંહ દેવીસિંહ સોલંકી, રહે.ઈલોલ
હેડકોન્ટેબલ દલજીતસિંહ
અનાર્મ લોકરક્ષક વિજયભાઈ રામજીભાઈ

**તોફાની તત્વો નેત્રમની નજરમાં કેદ, અનેકની ઉંઘ હરામ..**

ગત રોજ હિંમતનગરના છાપરીયા વિસ્તારમાં રામનવમીની શોભાયાત્રા ઉપર થયેલા પથ્થરમારા અને ત્યારબાદ આગજનીના બનાવ પછી પોલીસે તોફાની ટોળા સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે ત્યારે હિંમતનગર શહેરમાં ઠેર ઠેર નેત્રમની નજર હોવાથી તોફાનની ઘટનાઓ નેત્રમની નજરમાં કેદ થઈ જતાં પોલીસે ઘટના પછી તૂરત જ બનાવના હજારો ફૂટેજ ચેક કર્યા છે અને તેમાં નેત્રમની નજરમાં આવેલા અસામાજીક તત્વોએ કાયદાનો સામનો કરવો પડશે તેવું રેન્જ આઈ.જી. અભય ચુડાસમાએ જણાવ્યું છે.

## ગાયત્રી શક્તિપીઠ-બાયડમાં ૨૪ કુંડી યજ્ઞ સાથે ચૈત્રી નવરાત્રિ અનુષ્ઠાન સંપન્ન

### વિશ્વ કલ્યાણ માટે સામૂહીક પ્રાર્થના કરાઈ



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨

ગાયત્રી શક્તિપીઠ-બાયડમાં રવિવારે ૨૪ કુંડી યજ્ઞ સાથે ચૈત્રી નવરાત્રિ અનુષ્ઠાન સંપન્ન થયું હતું. બાયડ-ધનસુરા તાલુકામાંથી ઉપસ્થિત ગાયત્રી પરિજનોએ આહુતિ આપી વિશ્વ કલ્યાણ માટે સામૂહિક પ્રાર્થના કરવામાં આવી હતી તેમજ કોરોનાથી મૃત્યુ પામેલા મૃતાત્માની શાંતિ માટે વિશેષ આહુતિ આપવામાં આવી હતી. પ્રાપ્ત જાણકારી અનુસાર ગત તા.૨ એપ્રિલથી ચૈત્રી નવરાત્રિનાં આસ્થા સાથે પ્રારંભ થયો હતો. ગાયત્રી પરિજનોએ ૨૪ કરોડ ગાયત્રી મંત્રના અનુષ્ઠાન સાથે ચૈત્રી નવરાત્રિ શરુ કરી હતી. કેટલાક પરિજનોએ ગાયત્રી ચાલીસા અને ગાયત્રી શતક પાઠની ઉપાસના કરી હતી. ૯ દિવસનું ચૈત્રી નવરાત્રિ પર્વ સંપન્ન થતાં તા.૧૦ ના રોજ બાયડ ગાયત્રી શક્તિપીઠના ભાગીરથ સંસ્કાર હોલમાં ૨૪ કુંડી ગાયત્રી મહાયશ ગાયત્રી શક્તિપીઠ-બાયડના પ્રમુખ ભરતભાઈ ઉપાધ્યાયની ઉપસ્થિતિમાં યોજાયો જેમાં ગાયત્રી પરિજનોએ ૧૦૮ ગાયત્રી મંત્રની આહુતિ આપી વિશ્વમાં શાંતિ સ્થપાય, વિશ્વનું કલ્યાણ થાય, પર્યાવરણની અસમતુલા દૂર થાય તે માટે વિશેષ પ્રાર્થના સાથે આહુતિ આપી હતી. ગાયત્રી પરિવારે કોરોનામાં ગાયત્રી શક્તિપીઠ-બાયડના આદ્યસ્થાપક મનહરભાઈ પટેલને ગુમાવ્યા હતા તેમને વિશેષ શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. ૨૪ કુંડી ગાયત્રી મહાયજ્ઞમાં બાયડ તેમજ ધનસુરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારના ૫૦૦ થી વધુ પરિજનો ઉપસ્થિત રહ્યા હતા.

**જન્મદિને વધામણી**



ધ્રુવીલ ભાવસાર
બાયડ

**ટચુકડી જાહેર ખબર**
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

**રક્તદાન મહાદાન**

### વિદ્યાર્થી નેતા યુવરાજસિંહને તાત્કાલિક છોડી મૂકવાંની માંગ

## ડીસામાં જિલ્લા ક્ષત્રિય રાજપૂત કરણી સેના ટિમ દ્વારા નામદાર કલેકટરને આવેદનપત્ર

તાજેતરમાં વિદ્યાર્થી નેતા યુવરાજસિંહની થયેલી ધરપકડને લઈને લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. જેમાં ક્ષત્રિય રાજપુત સમાજ બનાસકાંઠા



દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી ન્યાયની ગુહાર લગાવી હતી અને વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ પર લગાવેલી ખોટી કલમ દૂર કરી તેઓને તાત્કાલિક જેલ મુક્ત કરવાની માંગ કરી હતી. ગુજરાતભરમાં વિદ્યાર્થી નેતા યુવરાજ સિંહની ધરપકડને લઈ લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.જેમા અનેક સંગઠનોએ રજૂઆતો કરી છે કે, વિદ્યાર્થી નેતા યુવરાજસિંહને તત્કાલિક છોડી દેવાય. જેમાં આજે બનાસકાંઠા ક્ષત્રિય રાજપૂત કરણી સેના ટીમ ડીસાના કાર્યકરો મોટી સંખ્યામાં ડીસા નાયબ કલેક્ટર કચેરી પહોંચ્યા હતા અને નાયબ કલેક્ટરને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી હતી કે, વિદ્યાર્થી નેતા યુવરાજ સિંહની ધરપકડને લઈ તેમના પર ખોટી કલમ લગાવી જેલમાં ધકેલી લેવાની વાતને લઈ લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. જેમાં યુવરાજસિંહ પર લગાવેલી કલમો દૂર કરી તાત્કાલિક તેમની રિહા કરવાની માંગ કરી હતી.

## અરવલ્લી જીલ્લા એ.આર.ટી.ઓ ની ચેમ્બરમાં એજન્ટોનો અડિંગો: લોકોના ખિસ્સા ખંખેરવાનો પરવાનો કોને આપ્યો...!

### એજન્ટો વગર અરજદારોને લાયસન્સ કઢાવવામાં નાકે દમ આવી જાય છે : લોકોના ખિસ્સા ખંખેરવાના પરવાનેદારો

મોડાસા, તા. ૧૨

અરવલ્લી જીલ્લા એ.આર.ટી.ઓ કચેરી જીલ્લા સેવા સદન સામે આવેલી એ.આર.ટી.ઓ કચેરીમાં જાણે કોઈ રણીધણી ન હોય એમ રેઢિયાળ તંત્રને લઈને લોકો પારાવાર મુશ્કેલી ભોગવી રહ્યા છે એજન્ટોના નેટવર્કમાં અહીં આવતા સામાન્ય માણસને લાયસન્સ થી લઈ અન્ય પ્રક્રિયામાં પસાર થતા નાકે દમ આવી જાય છે એવું નથી કે અહીં કોઈ અધિકારી નથી,અધિકારી તો છે પણ તેમની ચેમ્બરમાંજ એજન્ટોનો અડિંગો જોવા મળતો હોય છે અધિકારીઓની મિલીભગતના પગલે સામાન્ય અરજદારો લૂંટાઈ રહ્યા હોવાની ચર્ચા થી સમગ્ર જિલ્લામાં ચકચાર મચી છે.

મોડાસા ખાતે જીલ્લા સેવાસદન સામે આવેલી અરવલ્લી જીલ્લા એ.આર.ટી.ઓ




કચેરીમાં એજન્ટો અરજદારો સામે અધિકારી જેટલો રોફ જમાવતા હોય છે એજન્ટ રાજમાં અરજદાર અધિકારી કે કર્મચારી કોણ એ પણ પારખવામાં થાપ ખાઈ રહ્યા છે એજન્ટો ભલેને લોકોના ખિસ્સા ખંખેરી લેતા હોય છતાં તેમની સામે કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી

એ.આર.ટી.ઓ ને લગતા તમામ કામોમાં અહીં આવનારા મોટા ભાગના લોકોના અનુભવ બહુ ખરાબ છે કારણકે અહીં લાગવગ એજ લાયકાત હોય તેવો સિદ્ધાંત લાગુ પડી રહ્યો છે એજન્ટ ના સંપર્ક વગર સીધા કચેરીના કામકાજ માટે આવનાર લોકો ધર્મના ધક્કા ખાઈ રહ્યા છે ભ્રસ્ટાચારના દલદલમાં ફસાયેલી એ.આર.ટી.ઓ કચેરીમાં જીલ્લા કલેક્ટર ડૉ.નરેન્દ્ર મીણા અને ગાંધીનગર વિજિલન્સ દ્વારા ઓચિંતી તપાસ કરવાની લોક માંગણી પ્રબળ બની છે

તમામના મોઢે એકજ શબ્દ સરે છેકે રેઢિયાળ તંત્રમાં કોઈને કોઈ કહેવા વાળું જ નથી કેટલાક ઈમાનદાર અધિકારી અને કર્મચારીઓ અરજદારોને નડતી પારાવાર મુશ્કેલીઓ સામે અગમ્ય કારણોસર ચુપકીદી સાધી લેવાની સાથે ઓફિસ માં બેઠા બેઠા તમાશો જોવા મજબુર બન્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી